**ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં.૪ ના પ્રમુખ અધિકારી શ્રી એચ. એ. ભુતવાલા અમદાવાદ સમક્ષ.**

**રેફરન્સ (આઈ.ટી.) નં.૧૮૪/૨૦૧૮.**

**: આંક–૨૧ ની દસ્તાવેજો માંગતી અરજી લગત હુકમ :**

**૧.** આ કામે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે જુદા જુદા પાંચ પ્રકારના દસ્તાવેજોની માંગણી કરેલ છે. પ્રથમ પક્ષકારે સદર આંક–૨૧ ની અરજી સબંધે કોઈ જવાબ રજૂ કરેલ નથી. જેથી પ્રથમ પક્ષકારનો આંક–૨૧ ની અરજીનો જવાબ રજૂ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૨.** અરજી સબંધે બીજા પક્ષકાર યુનિયન પ્રતિનિધીશ્રીને સાંભળ્યા. તેઓએ અરજી મુજબની રજૂઆત કરેલ છે. અરજીમાં માંગેલ દસ્તાવેજો બીજા પક્ષકારના કબજામાં નથી અને તકરારની હકીકત પુરવાર કરવા માટે આ કેસમાં અગત્યના દસ્તાવેજ હોવાનું જણાવેલ છે. પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રીએ જણાવેલ છે કે, સંસ્થા એ સરકારી સાહસ છે અને સરકારી સંસ્થાએ સી.એલ.આર.એકટ અન્વયે કોઈ રજીસ્ટ્રેશન મેળવવાનું હોતું નથી કે પરવાનગી મેળવવાની હોતી નથી. સંસ્થાએ જેમ પોર્ટલ ઉપર આ રેફરન્સનો વિવાદ ઉપસ્થિત થયો તે પહેલાંથી રજીસ્ટ્રેશન કરાવેલ છે અને સરકારશ્રીના પરિપત્રો મુજબ જેમ પોર્ટલ મારફત કોન્ટ્રાકટ આપવામાં આવે છે. સંસ્થા પાસે આ અંગેના કોઈ દસ્તાવેજો રાખવાના હોતા નથી. જેથી અરજદાર પક્ષે માંગેલ દસ્તાવેજો સંસ્થાએ રાખવાના કે નિભાવવાના રહેતાં ન હોય, અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

**૩.** અરજીની હકીકત તથા રેફરન્સની અનુસૂચિ વંચાણે લીધી. બીજા પક્ષકારના માંગણાનાં નિવેદનની હકીકત તેમજ પ્રથમ પક્ષકારે રજૂ કરેલ જવાબ સાથે રેફરન્સની અનુસૂચિમાં દર્શાવેલ માંગણીઓ ધ્યાને લેતાં પ્રથમ પક્ષકાર પાસે માંગેલ દસ્તાવેજો આ રેફરન્સનો ન્યાય નિર્ણય કરવા માટે અગત્યના અને જરૂરી જણાય છે. આ દસ્તાવેજો રેકર્ડ ઉપર આવે તો રેફરન્સ કેસનો પુરાવાને આધિન યોગ્ય ન્યાય નિર્ણય કરી શકાય તેમ છે. પ્રથમ પક્ષકારે જેમ ઉપર રજીસ્ટ્રેશન કરાવેલ હોય તે કારણસર તેઓએ કોન્ટ્રાકટ રજીસ્ટ્રેશન અને કોન્ટ્રાકટના કામદારો મારફત કામ કરાવવા માટે સર્ટીફિકેટ મેળવવાની

વિગેરે સી.એલ.આર.એકટ અન્વયેની જોગવાઈઓનું પાલન કરવાનું નથી તે સબંધી કોઈ નોટીફિકેશન, ગેઝેટ કે સરકારી જાહેરનામું પ્રથમ પક્ષકારે રજૂ કરેલ નથી. માંગેલ દસ્તાવેજો આ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે અગત્યના છે અને તે કેસના ગુણદોષને અસર કરે તે પ્રકારના હોય તેમજ સદર દસ્તાવેજો બીજા પક્ષકાર પાસે ઉપલબ્ધ ન હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧)** બીજા પક્ષકારની **આંક–૨૧** ની અરજી ''**અંશત: મંજૂર**'' કરવામાં આવે છે. પ્રથમ પક્ષકાર સંસ્થાને અનુ.નં.૧, ૨ અને ૪ ના દસ્તાવેજો આવતી મુદ્દત તારીખ સુધીમાં રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

**(૨)** દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો તે અંગેનું જવાબદાર અધિકારીનું સોગંદનામું આવતી મુદ્દતે રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સભંળાવી, સહી કરી જાહેર કર્યો.

Digitally signed by
HEMANSU AMRUTLAL BHUTWALA
Reason: ORDER
on 17/10/2025 11:35:15 IST.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૧૭/૧૦/૨૦૨૫.

**(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)**
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં.૪.
અમદાવાદ.
**CODE–GJ00883**

H.M.PRAJAPATI P.A.